# SHREE BHUJ BULLION MERCHANT ASSOCIATION – BHUJ

## GST **તથા ઇન્કમ ટેક્ષ માટે કાયમી ધ્યાનમા રાખવા જેવી અમુક મહત્વની બાબતો**

પ્રાથમિક સમજ:

- GST લગાવતી વખતે - PLACE (કયું સ્થળ), VALUE (કઈ કીમત), RATE (કયા દરથી) અને TIME (કયા સમયે) – આ બાબતો મહત્વની છે
- PLACE (કઈ જગ્યાએ સપ્લાય કર્યું): -જો ગુજરાતમાં (પોતાના જ રાજ્યમાં) જ સપ્લાય થયું હોય તો SGST+CGST લાગશે.
  જો ગુજરાતની (રાજ્યની) બહાર સપ્લાય થયું હોય તો IGST લાગશે.
- VALUE (કઈ કીમત પર ટેક્ષ લગાવવો?): સામાન્ય રીતે "ટ્રાન્જેકશન વેલ્યુ" પર ટેક્ષ લગાવવો. એટલે કે બીલની કીમત પર ટેક્ષ લગાવવો, **પરંતુ જો રીલેટેડ પાર્ટી, બ્રાન્ચ ટ્રાન્સફર કે એજન્ટને ટ્રાન્સ્ફર કરેલું હોયતો તેના માટે વેલ્યુએશન રુલ્સ પ્રમાણે કીમત નક્કી થશે.**
- જો તમે ગ્રાહક પાસેથી લેટ ફી / વ્યાજ કે પેનલ્ટી લગાવેલ હશે તો તેના પર પણ GST લાગશે. જયારે તમે લેટ ફી / વ્યાજ કે પેનલ્ટી મેળવશો તે સમયે તેના પર GST ભરવાનો રહેશે.
- RATE (કયો રેટ લગાવવો?): રેટ નક્કી કરવા માટે સૌપ્રથમ તમારા ગુડ્સ કે સર્વિસીસનો HSN કોડ / SAC કોડ નક્કી કરવાનો રહેશે ત્યારબાદ તે કોડ પરથી રેટના શેડ્યુલ મુજબ રેટ નક્કી થશે.
- TIME (કયા સમયે ટેક્ષ ભરવો?): જયારે ગુડ્સ ધંધાકીય જગ્યાએથી બહાર જશે / ગુડ્સ ડીલીવર થશે તે સમયે અથવા તેની પેહલા ઇન્વોઇસ બનાવી ને ટેક્ષ ભરવાનો રહેશે.

ખરીદી પર ટેક્ષ ભરવાની જોગવાઈ (Reverse Charge Mechanism)

- કોઈ સ્પેસીફાઈડ ગુડ્સ કે સર્વિસ (નીચેના લીસ્ટ મુજબ) લીધેલ હોય તો તે ગુડ્સ કે સર્વિસ પર ખરીદનારે પહેલા ટેક્ષ ભરવાનો રહેશે અને તે ટેક્ષ ભર્યા બાદ તેની ક્રેડીટ મજરે મળશે.
- જેમકે – ગુડ ટ્રાન્સપોર્ટ એજેન્સી સર્વિસ, એડવોકેટની સર્વિસ, ગવર્મેન્ટ પાસેથી કોઈ પણ જાતની સર્વિસ લીધેલી હોય, સિક્યોરીટી ગાર્ડ ની સર્વિસ વિગેરે
- જયારે ખરીદી પર ટેક્ષ ભરવાનો આવે ત્યારે તેનું ટેક્ષ ઇન્વોઇસ પણ ખરીદનારે જ બનાવવાનું રહેશે.

GST મા ધંધાના સ્થળની તપાસ (પ્લેસ વેરીફીકેશન) માટે મહત્વ ની બાબતો:

- ધંધાના મુખ્ય સ્થાને તથા દરેક બીજા એડિશનલ સ્થાને "**રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ**" દેખાય એ રીતે લગાવવાનું રહેશે.
- GST નંબર ધંધાના સ્થાનનાં નામ બોર્ડ પર લખવાનું રહેશે. (શટર બંધ હોય તોપણ દેખાય એ રીતે)
- ધંધાના દરેક "Accounts and Records" ધંધાના સ્થળપર હોવા જરૂરી છે.

**ઈનપુટ ટેક્ષ ક્રેડીટ (ITC) (ખરીદી પર ભરેલ ટેક્ષ મજરે લેવા બાબતે ધ્યાનમાં રાખવાની બાબતો)**

- નીચે મુજબની શરતો પૂરી થશે પછી જ ખરીદી પરનો ટેક્ષ મજરે મળશે.
  1) ખરીદીનું ઇન્વોઇસ આવી ગયેલ હોય
  2) ગુડ્સ / સર્વિસીસ મળી ગયેલ હોય
  3) જેના પાસેથી ખરીદી કરેલ હોય તેણે ટેક્ષ ચૂકવી દીધેલ હોય
  1) રીટર્ન ભરેલું હોય
- જો ગુડ્સ લોટમાં આવતો હોય તો જયારે છેલ્લો લોટ આવે ત્યારે ક્રેડીટ મળશે.
- ખરીદી કરેલ વસ્તુનું પેમેન્ટ 180 દિવસમાં ન કરેલ હોય તો તેની ક્રેડીટ રીવર્સ કરવી પડશે.
- પછી જયારે પેમેન્ટ કરશો ત્યારે ક્રેડીટ મળશે.
- કોઈ કેપિટલ ગુડ્સ લીધેલું હોય તો તેની ક્રેડીટ તો જ મળશે જો તે **ક્રેડીટ પર** ઘસારાનો લાભ ન લીધેલ હોય.

**અન્ય ધ્યાનમાં રાખવા જેવી બાબતો:**

- જો સતત ૬ માસ સુધી રીટર્ન ન ભરેલ હોય તો રજીસ્ટ્રેશન કેન્સલ કરવામાં આવશે. [કોમ્પોઝીશન માટે ૯ માસ]
- ધંધાની આવક સિવાય બીજા વ્યવહારો (જેવાકે ફિક્સ્ડ એસેટનું વેચાણ, ભાડાની આવક વગેરે) પર પણ GST ભરવાનો રહે છે.
- ૪૦ લાખની રજીસ્ટ્રેશન લીમીટ માત્ર અને માત્ર ગૂડ્સના વેપારી માટે છે, જો તમે એક પણ રૂપિયા ની સર્વિસ આપતા હોવ તો એ લીમીટ હજુ પણ ૨૦ લાખ નીજ છે.

CA Deep Koradia Compiled By

- ઈ-વે બીલ માથી જ્વેલરી તથા પ્રેશિયશ સ્ટોન્સ ને મુક્તિ છે, પરંતુ માલના પરિવહન દરમ્યાન ટેક્ષ ઇન્વોઇસ સાથે હોવું જરૂરી છે. (જોબ વોર્ક તથા ડોર-ટુ-ડોર વેચાણ માટે ડીલેવરી ચલણ ની જોગવાઈ છે)
- GST ના નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ નું વાર્ષિક રીટર્ન તથા ઓડીટ ની અંતિમ તારીખ ૩૧-૦૮-૨૦૧૯ છે.

| S. No. | Particulars | HSN/ SAC Code | GST Rate |
|---|---|---|---|
| 1 | Rough and un-worked diamonds, precious and semi-precious stones | 7102, 7103, 7104 | 0.25% |
| 2 | Pearls, Gold, Silver, Articles of jewellery of gold, silver, etc | 7106, 7108, 7113, 7118 | 3% |
| 3 | Job work in relation to cut and polished Diamonds, plain or studded jewellery of gold, silver, etc | 9988 | 5% |
| 4 | Other professional, technical and business services *(residuary clause)* | 9983 | 18% |

**<u>ઇન્કમ ટેક્ષ મા હાલમાં થયેલા ફેરફાર:</u>**

- નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ થી, જે વ્યક્તિની આવક ૫૦૦૦૦૦ થી ઓછી હોય તેને ૧૨૫૦૦ રૂ. સુધી ની ટેક્ષની છૂટ મળશે. (ઇન્કમ ટેક્ષનો સ્લેબ ૨૫૦૦૦૦ યથાવત રહેલ છે.)

  eg. જો તમારી આવક ૪૮૫૦૦૦ હોય તો ભરવા પાત્ર ટેક્ષ ૧૧૭૫૦ તથા આવક ૫૦૦૦૦૦ થી નીચે હોવાથી મળવા પાત્ર ટેક્ષ રીબેટ ૧૧૭૫૦, જેથી નેટ ટેક્ષ સુન્ય.

  eg. જો તમારી આવક ૫૦૫૦૦૦ હોય તો ભરવા પાત્ર ટેક્ષ ૧૩૫૦૦ તથા આવક ૫૦૦૦૦૦ થી વધુ હોવાથી મળવા પાત્ર ટેક્ષ રીબેટ મળશે નહિ, જેથી નેટ ટેક્ષ ૧૩૫૦૦.
- આજ સુધી મકાનની લોન પરનું વ્યાજ વાર્ષિક ૨૦૦૦૦૦ સુધી કલમ ૨૪ મા બાદ મળવા પાત્ર હતું. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ થી આ ઉપરાંત, બીજા ૧૫૦૦૦૦ નું વ્યાજ કલમ 80EEA હેઠળ બાદ મળશે.
- <u>FACELESS E-ASSESSMENT</u>
- બેંકમા રહેલા કરંટ એકાઉન્ટ માથી ૧ કરોડ થી વધુ રોકડ ઉપાડ પર ૨% TDS કાપશે (કર કપાત થશે) **<u>[તા. ૦૧-૦૯-૨૦૧૯ થી લાગુ]</u>** [194N]
- જો તમે (Individual/HUF) આખા વર્ષ દરમ્યાન **<u>૫૦ લાખ થી વધુ</u>** "કોન્ટ્રાક્ટ ખર્ચ", "વર્ક કોન્ટ્રાક્ટ" કે "પ્રોફેશનલ ફી ખર્ચ" વિગેરે જેવો ખર્ચ કરતા હોવ તો તેના પર ૫% TDS કાપવાનો રહે છે. અત્યાર સુધી 194C તથા 194J મા આ પ્રકારનો TDS માત્ર ઓડીટ વાળા કેસમા જ લાગુ પડતો હતો, પરંતુ હવે તમામ વ્યક્તિ ને લાગુ પડે છે, તથા પેર્સનલ ખર્ચ માટે પણ લાગુ પડે છે. **<u>[તા. ૦૧-૦૯-૨૦૧૯ થી લાગુ]</u>** [194M]

**<u>રોકડ વ્યવહારમા શું-શું ધ્યાનમા રાખવું?</u>**

- એક દિવસમા અથવા એક બીલ પેટે ૨,૦૦,૦૦૦ રૂ.થી વધુ રોકડા એકસાથે લઇ સકાશે નહિ. જો લેવામા આવશે તો પુરેપુરી રકમ દંડપાત્ર થશે.
- ધંધા કે વ્યવસાયમા ૧૦,૦૦૦ રૂ.થી વધુ ખર્ચ એક બીલ પેટે અથવા એક દિવસ મા એક વ્યક્તિની રોકડથી ચૂકવાવો નહિ. (માલના પરિવહન ખર્ચ માટે આ લીમીટ ૩૫,૦૦૦ ની છે)
- ૨૦,૦૦૦ રૂ. થી વધુ રોકડા લોન કે થાપણ તરીકે સ્વીકારી શકાશે નહિ. જો લેવામાં આવશે તો પુરેપુરી રકમ દંડપાત્ર થશે.
- લીધેલી લોન કે થાપણ રોકડેથી પરત કરી શકાશે નહિ. જો કરવામા આવશે તો પુરેપુરી રકમ દંડપાત્ર થશે.
- સ્થાવર મિલકત ના વેચાણ વખતે ૨૦,૦૦૦ થી વધુ રોકડા **<u>એડવાન્સમા</u>** લઇ શકાશે નહિ. જો લેવામા આવશે તો પુરેપુરી રકમ દંડપાત્ર થશે.
- ધંધાકીય મિલકતની ખરીદી સમયે ૧૦,૦૦૦થી વધુ રોકડા ચૂકવી શકાશે નહિ. જો ચુકવવામાં આવશે તો તેટલી રકમ મિલકતની કિંમતમાથી બાદ કરવામાં આવશે, જેને કારણે ઘસારો ઓછો ગણવામાં આવશે.
- મેડીકલ ઇન્સ્યોરન્સ નું પ્રીમીયમ કાયદામા 80D હેઠળ બાદ મળે છે, પણ જો તે રોકડેથી ચૂકવાયું હશે તો તે બાદ મળવા પાત્ર નથી.
- પોલીટીકલ પાર્ટીઓ ૨,૦૦૦થી વધુ રોકડા દાન તરીકે સ્વીકારી શકશે નહિ નહિ.
- 80G હેઠળ મળવા પાત્ર બેનેફિટ માટે, ૨,૦૦૦થી વધુ રોકડા દાન તરીકે અપાયેલા હશે તો તેનો લાભ મળવા પાત્ર નથી.
- સેવિંગ બેંક એકાઉન્ટમા એક દિવસ મા ૪૯,૯૯૯/- થી ઓછી કેશ ભરવી હિતાવહ છે
- સેવિંગ બેંક એકાઉન્ટમા આખા વર્ષ દરમ્યાન ૧૦ લાખ થી ઓછી કેશ ભરવી હિતાવહ છે
- કરંટ બેંક એકાઉન્ટમા આખા વર્ષ દરમ્યાન ૫૦ લાખ થી ઓછી કેશ ભરવી હિતાવહ છે
- ક્રેડીટ કાર્ડના બીલનું પેમેન્ટ જો ૧ લાખ થી વધુ હોય તો રોકડેથી ન ભરવું હિતાવહ છે
- સ્થાવર મિલકતનો દસ્તાવેજ જંત્રીની કિમત કરતા ઓછી કિમતનો કરવો નહિ.

Compiled By
CA Deep Koradia